

# વિષય - ગણિત ૧૩. ખેતર અને તેની ફરતે વાડ

❖ અધ્યયન નિષ્પતિઃ- ૧. આપેલ આકારને એક એકમ તરીકે લઇ અન્ય સાદા ભૌમિતિક આકાર ( ત્રિકોણ, ચોરસ, લંબચોરસ ) ના ક્ષેત્રફળ અને પરિમિતિ શાધે છે.


**પ્રશ્ન-૧. નીચે કેટલાંક ખેતરનાં ચિત્રો આપેલા છે. કયા ખેતરની હદ સૌથી લાંબી છે તે શોધો.**





હદ - ......................મીટર




હદ - ....................મીટર




હદ - ......................મીટર




હદ - ....................મીટર


**પ્રશ્ન-૨. નીચેના દાખલા ગણો.**

(૧) ૨૫ મીટર લાંબા અને ૨૦ મીટર પહોળા શાળાના રમત ગમત મેદાનની હદ કેટલી થાય ?


(૨) ૩૦ મીટર ચોરસ બગીચાની ફરતે તારની વાડ કરવા માટે કેટલો તાર જોઇએ ? જો તારની વાડ ત્રણ હરોળમાં કરવાની હોય તો કુલ કેટલો તાર જોઇએ ?

(૩) નિલમબેન તેમના માટે ૨ મીટર ૮૦ સેમી લાંબી અને ૧ મીટર ૨૦ સેમી પહોળી એક સાડી ખરીદી. તેઓ સાડીની કિનારીએ લેસ લગાવવા માટે ૧૦ મીટર લાંબો રોલ લાવ્યા. સાડીની કિનારીએ લેસ લગાવતા લેસ વધશે કે ઘટશે ? કેટલો.

પ્રશ્ન-૩. નીચે આપેલા (અ) ચોરસમાંથી ૧ સેમી માપના ૬ ચોરસ કાપી લો. હવે તે (બ) આકાર જેવું દેખાશે. બંને આકારના હદની લંબાઇ શોધો. તથા બંને ચોરસની હદની સરખામણી કરો. (અ) ચોરસ કરતા (બ) ચોરસની હદ વધે, ઘટે કે સરખી રહે ?




(અ)


( બ)

પ્રશ્ન-૪. નીચેના દાખલા ગણો.

(૧) ૬૦ સેમી લાંબા અને ૪૦ સેમી પહોળા ટેબલની હદ કેટલી થાય ?

(૨) નરેશ નીચે આપેલા લંબચોરસ બગીચાની ફરતે ચાર ચક્કર લગાવે છે તો તેણે કેટલું અંતર કાપ્યું હશે ?




(૩) ફૂટબોલનું મેદાન ૮૦ મીટર અને ૪૦ સેમી લાંબુ અને ૪૫ મીટર પહોળું છે તો મેદાનની હદની લંબાઇ કેટલી થાય ?

(૪) વિનયના દાદા નીચે આપેલા ખેતરની ફરતે સવારે અને સાંજે ત્રણ- ત્રણ ચક્કર મારે છે તો તે દરરોજ કેટલુ અંતર કાપતા હશે ?

